# મોદી કેબિનેટનું મોનસુન સત્ર બાદ વિસ્તરણ

## કેબિનેટમાં ફેરફારનો ઉદ્દેશ્ય ઘણા મંત્રાલયને વધુ મજબુત કરવાનો રહેશે : જેટલી અને રાજનાથ પર બોજ ઘટાડાશે

નવી દિલ્હી,તા.૧૯

સંસદના મોનસુન સત્રની પૂર્ણાહુતિ થયા બાદ નરેન્દ્ર મોદી કેબિનેટનુ વિસ્તરણ કરવાની હિલચાલ શરૂ થઇ ગઇ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એકબો પ્રધાનોના વિભાગોમાં ફેરફાર કરવામાં આવી શકે છે. આ ઉપરાંત રાજ્ય પ્રધાનો મારફતે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી અને કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિહ પરના બોજને ઘટાડી શકાય છે. આ ઉપરાંત ખાલી રહેલી જગ્યાને પણ ભરવામાં આવસે. ગોપીનાથ મુન્ડેના એકાએક મોત થયા બાદ ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રાલય કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરીની પાસે છે. આ મંત્રાલય માટે અન્યને જવાબદારી સોંપવામાં આવનાર છે. આ સંબંધમાં અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ મોદી સરકાર અને ભાજપમાં ચર્ચા ચાલી રહી છે. જેથી સ્પષ્ટ થાય છે કે ટુંકમાં કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવનાર છે બજેટ સત્ર બાદ તરત આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે. વિસ્તતણ અને ફેરફારની પ્રક્રિયા ૧૪મી ઓગષ્ટ બાદ હાથ ધરવામાં આવનાર છે. એક સિનિયર પ્રધાને માહિતી આપતા કહ્યુંછે કે આમાં હિમાચલ, ઉત્તરાખંડ અને જેવા રાજ્યોના પ્રતિનિધીઓને તક આપવામાં આવી શકે છે. હજુ સુધી સ્થાન નહી મેળવનારને તક આપવામાં આવશે પાર્ટીમાં આંતરિક ચર્ચા મુજબ જેટલીની સાથે એક સરંક્ષણ રાજ્ય પ્રધાનને મુકવામાં આવી શકે છે. હાલમાં ગુડગાવના સાંસદ રાવ ઇન્દ્રજીત સિંહ સંરક્ષણ રાજ્ય પ્રધાન તરીકે છે. જેટલી પર કામ વધારે છે તેમ સરકાર માની રહી છે. જેથી તેમના બોજને ઘટાડવામાં આવનાર છે. જેટલીની પાસે હાલમાં નાણાં, સંરક્ષણ અને કંપની બાબતોના ખાતા છે. આ ઉપરાંત તેઓ રાજ્યસભામાં સંસદના નેતા તરીકે પણે છે. ગૃહપ્રધાન રાજનાથ સિંહ પર પણ બોજ ઘટાડી દેવામાં આવે તેવી શક્યતા છે. તેમની સાથે પણ કિરણ રિજ્જૂની સાથે અન્ય એક રાજ્યપ્રધાનને મુકી શકાય છે. નવા રાજ્યપ્રધાનને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંબંધની મોટી જવાબદારી રહેશે.



# ચાર ધામની યાત્રા ચોથા દિવસે પણ બંધ રહી

દેહરાદૂન, તા. ૧૯

ખરાબ હવામાન અને અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ચાર ધામની યાત્રા આજે સતત ચોથા દિવસે પણ બંધ રહી હતી. જુદા જુદા વિસ્તારોમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. હવામાનની સ્થિતિ ખરાબ હોવાના લીધે ઘણી જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો જારી રહ્યા છે. અગાઉ શુક્રવાર સુધી યાત્રાને મોકૂફ કરવાનો નિર્ણય કરાયો હતો પરંતુ આજે વહીવટીતંત્રએ યાત્રાને ચાલુ નહીં કરવા સૂચના આપી હતી. ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા પણ



બંધ રાખવામાં આવી છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, અતિભારે વરસાદ હજુ થઈ શકે છે. જેના કારણે હવામાનની સ્થિતિ ઉપર યાત્રા આધારિત બની છે. ઉત્તર કાશીના ડીએમ રવિશંકરનું કહેવું છે કે, માર્ગોની હાલત ખુબ જ કફોડી બનેલી છે. ઘણી જગ્યાઓએ ભેખડો ધસી પડી છે. સ્કૂલોને પણ સાવચેતીના પગલારુપે બંધ કરી દેવામાં આવી છે. સોમવારના દિવસે સ્કૂલો ખુલશે. યોગગુરુ બાબા રામદેવ પણ ઉત્તર કાશીમાં તેમના સમર્થકો સાથે અટવાયેલા છે. જ્યાં સુધી રસ્તાઓ સ્વચ્છ ન બને ત્યાં સુધી ઉત્તર કાશીમાં રોકાવવા બાબા રામદેવ અને અન્યોને કહેવામાં આવ્યું છે. રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ સુધી અને ચમોલી જિલ્લામાં બદ્રીનાથની યાત્રા બંધ રાખવામાં આવી છે. ભેખડો ધસી પડવાના બનાવો બની રહ્યા છે. ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે શિરોબાગઢ ખાતે બંધ કરવામાં આવ્યો છે. ઋષિકેશ-કેદારનાથ હાઈવે ઉપર પણ બ્લોકની સ્થિતિ છે. ઋષિકેશ-ગંગોત્રી હાઈવેને પણ બંધ રાખવામાં આવ્યો છે. બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, હેમકુડ ભારે વરસાદ થશે.

**ભાજપ, કોંગ્રેસ એએપીના તમામ પ્રયાસો**

# દિલ્હીમાં સરકારની રચનાને લઇ ગતિવિધી ચરમસીમાએ

નવી દિલ્હી,તા.૧૯

દિલ્હીમાં સરકાર રચવા માટે રાજકીય ગતિવિધી હવે ચરમસીમા પર છે. તમામ રાજકીય પક્ષ પોત પોતાની ગણતરીમાં છે. ભાજપ, કોંગ્રસ અને હવે આમ આદમી પાર્ટી દ્વારા પણ સરકારની રચના કરવા માટે પાસામાં ચકાસણી કરવામાં આવી રહી છે. દિલ્હીમાં રાજકીય ગરમી વચ્ચે હવે નવી બાબત સપાટી પર આવી છે. કોંગ્રેસના ધારાસભ્ય આસિફ મોહમ્મદ ખાને નવો ખુલાસો કર્યો છે. ખાને દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલના સૌથી વિશ્વાસુ સાથી મનિષ સિસોદિયા પણ દિલ્હીમાં સરકાર બનાવવા માટે તૈયાર છે. તેઓ આના માટે કેજરીવાલને બાજુએ મુકી દેવા માટે પણ ઇચ્છુક છે. આસિફે કહ્યું છે કે મનિષને નોઇડામાં તેઓ મળ્યા હતા. તે વેળા મનિષે કહ્યું હતું કે કોંગ્રેસના ટેકાથી તેઓ સરકાર બનાવવા માંગે છે. આસિફે કહ્યું હતું કે મનિષે એમ પણ કહ્યુ ંહતુ કે જો કોંગ્રેસને કેજરીવાલને લઇને વાંધો છે તો તેઓ પોતે મુખ્યપ્રધાન બનસે. તમે સોનિયા ગાંધી સાથે વાત કરો. દરમિયાન મનિષ સિસોદિયાએ ટ્વીટર પર કહ્યું છે કે તેઓએ કોંગ્રેસી નેતા આસિફ ખાન સાથે કોઇ મુલાકાત કરી નથી. તેમની સાથે કોઇ વાતચીત થઇ હોવાનો ઇન્કાર કર્યો છે. આસિફે દાવો કર્યો હતો કે મનિષ સિસોદિયા એટલા લાલચી હતા કે તેઓ કેજરીવાલને દુર કરવા માટે તૈયાર હાતા. આસિફ મોહમ્મદે કહ્યુ ંહતું કે તેઓ સિસોદિયાના એસએમએસને બતાવવા માટે તૈયાર છે. બીજી ાબાજુ આમ આદમી પાર્ટીએ આસિફના દાવાને ફગાવી દીધો છે અને કહ્યુ ંછે કે આસિફ પાસે જો કોઇ પુરાવા છે તો તેઓ તરત રજૂ કરે. જો કોઇ પુરાવા નથી તો બિનજરૂરી આક્ષેપો કરીને સમસ્યા ઉભી ન કરે.જો કે આસિફના દાવાથી રાજકીય ગતિવિધી વધી ગઇ છે.

## ઇઝરાયેલના હુમલા : મૃતાંક વધીને ૩૧૦ , હજારો ઘાયલ

ગાઝા, તા.૧૯

ઈઝરાયેલે હવાઇ હુમલાનો દોર જારી રાખ્યો છે. આજે સવારે ગાઝામાં કરવામાં આવેલા હુમલામાં વધુ ૧૧ લોકોના મોતની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૩૧૦થી પણ ઉપર પહોંચી ગયો છે. સંયુક્ત રાષ્ટ્રના વડા બાનકી મુન દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે.બાનકી મુન યુદ્ધવિરામનેલાગુ કરવાના ઈરાદાતી આ પ્રદેશમાં જઈ રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી રક્તપાત પૈકી સૌથી ભીષણ રક્તપાતનો દોર હાલ ચાલી રહ્યો છે. હુમલાનો દોર આજે ૧૨મા દિવસે જારી રહ્યો હતો. પેલેસ્ટેનિયન પ્રદેશમાં કેટલાક વિસ્તારને ટાર્ગેટ બનાવી હુમલા કરાઈ રહ્યા છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ગાઝામાં રોકેટ હુમલા સામે કાર્યવાહીને યોગ્ય ઠેરવી છે. પરંતુ નાગરિકોના મોત ન થાય તેની ખાતરી કરવા ઈઝરાયેલને અપીલ કરી છે. નવેસરના હુમલા બાદથી મોતનો આંકડો વધીને ૩૧૦ ઉપર પહોંચી ગયો છે. હુમલામાં હજુ સુધી ૨૨૫૦ પેલેસ્ટિનયનો ઘાયલ થયા છે.બાનકી મુન ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ વિરામના હેતુથી આજે રવાના થયા હતા.ઈઝરાયેલ દ્વારા છેલ્લા કેટલાક દિવસથી હવાઈ હુમલા કરાઈ રહ્યા હતા પરંતુ હુમલાઓના દોર વચ્ચે આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી દબાણને ધ્યાનમાં લઈને યુદ્ધ વિરામની જાહેરાત કલાકો માટે કરાઈ હતી. દક્ષિણી ગાઝા પટ્ટી સરહદ નજીક આ હુમલા થયા હતા. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા યુદ્ધ વિરામની જાહેરાત કરાઈ હતી. જેના પર ઈઝરાયેલ અને હમાસ સહમત થયા હતા. ઈઝરાયેલ દ્વારા ઓપરેશન પ્રોટેક્ટીવ આઠ જુલાઈના દિવસે શરૂ થયું હતું. ગાઝાના ત્રાસવાદીઓ દ્વારા રોકેટ હુમલાઓને બંધ કરવા આ દોર શરૂ થયો હતો. આઠમી જુલાઈ બાદથી ૩૧૦થી વધુ પેલેસ્ટીનીયનો માર્યા ગયા છે.

**રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ અરજી ફગાવી**

# નિઠારી કિલર , અન્ય પાંચની દયા અરજીને અંતે ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૧૯

નિઠારી કિલર અને અન્ય પાંચ કુખ્યાત અપરાધીઓની દયાની અરજીને રાષ્ટ્રપતિએ અંતે ફાગાવી દીધી છે. આની સાથે જ તેમના પર સકંજો મજબુત કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર નિઠારી સિરિયલ કિલર સુરિન્દ્ર કોલી અને અન્ય પાંચની અરજીનો રાષ્ટ્રપતિએ નિકાલ કર્યો છે. રાષ્ટ્રપતિએ તેમની દયાની અરજીને ફાગાવી દઈનો કેન્દ્રિય ગૃહ મંત્રાલયને તેમની અરજી મોકલી છે. પાંચ દયાની અરજીમાં બે બહેનોની અરજી સામેલ ચે. સુત્રોએ સંકેત આપ્યો છે કે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા પહેલાથી સંબંધિત રાજ્યોને પત્ર લખીને જાણ કરવામાં આવી છે. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અનો આસામનો સમાવેશ થાય છે. મૃત્યુ દંડના અપરાધીઓને સજા અમલી કરવા કહેવામાં આવ્યું છે. કોલીને મૃત્યુ દંડને સજા કરવામાં આવી હતી. નિઠારી કાંડમાં તે સામેલ રહ્યો હતો. જેમાં નોઈડાના નિઠારી ગામમાં કેટલાક બાળકોની અપહરણ કરવામાં આવ્યા બાદ હત્યા કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ તેની અરજી ફાગાવી દીધી છે. રેણુકાબાઈ અને સીમાની અરજીનો ફગાવી દીધી છે. મહારાષ્ટ્રની બે બહેનોને કેટલાક બાળકોના અપહરણ કરીને મોતને ઘાટ ઉતારી દેવા બદલ તેમને મૃત્યુ દંડની સજા કરવામાં આવી હતી. જ્યારે મહારાષ્ટ્રના રાજેન્દ્ર ને પણ અપરાધી જાહેર કરવામાં આવ્યો હતો. માસુમ બાળકીનુ અપહરણ કરીને મોતને ઘાટ ઉતારી દેવા બદલ તેને દોષિત જાહેર કરાયો હતો. મધ્યપ્રદેશના જગદીશની દયાની અરજીને ફગાવી દેવામાં આવી છે. આ શખ્સે તેની પત્નિ અને પાંચ બાળકોની હત્યા કરી હતી. આસામના હોલીરામની અરજીને ફગાવી દેવામાં આવી છે.

આ શખ્સે બે લોકોને જીવાતા સળાગાવી દીધા હતા. અને અન્ય એકની હત્યા કરી હતી. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહેતમામ પાંચેય કેસમાં દયાની અરજીને ફાગાવી દેવા ૧૮મી જુને રાષ્ટ્રપતિને ભલામણ કરી હતી.અલબત્ત આ અપરાધી તેમની અરજીને ફગાવી દેવાના મામલે પડકાર ફેંકી શકે છે. સુપ્રીમ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં મૃત્યુદંડના ૧૫ અપરાધીઓની ફાસીની સજાને આજીવન કારાવાસમાં બદલી નાંખી હતી.

### રઝળપાટ (પાના નં. ૨ જા નું ચાલુ)

જેટલી ઉત્સુકતાથી એક તરુણી કે તરુણ જીન્સ પહેરીને નીકળી પડે છે એટલી જ ઉત્સુકતાથી તમે પણ જીન્સ પહેરીને ફરી જ શકો છો પછી ભલેને ઉમર એનાથી ડબલ કેમ નથી. સ્ત્રીઓ મેકઅપ કે બોડીકેરથી પોતાને વધુ સુંદર બનાવી જ શકે છે. પુરુષો મસાજ, હેર કલર કે લેટેસ્ટ કપડાઓથી પોતાની ઢળતી ઉમરમાં પણ ખુદને યુવાન ગણી શકે છે અને યુવાન નહિ તો કાઈ નહિ પણ જાતને અંદરથી -ફુલ્લિત રાખી જ શકે છે એમાં કઈ ઉમરનું બંધન નાં નડવું જોઈએ કારણ કે આખરે તો સ્ત્રી હોય કે પુરુષ વાત તો સુંદર દેખાવાની કે પોતાને સુંદર ફિલ કરવાની જ છે. અહી આગળની વાતનો તાળો મળી જાય છે કે જો સુંદર ફિલ કરવું હોય તો સુંદર દેખાવાનો -યત્ન કરો, કોશિશ કરો પણ હા એ વાતનું ધ્યાન રહે કે એ તમારી ઉમરને અનુરૂપ હોય. સુંદર દેખાવાના વધુ પડતા મોહમાં ક્યાંક એવું નાં થાય કે તમે સુંદરની બદલે ફૂવડ લાગવા માંડો !!

જરૂરી નથી કે બધા જ કુદરતી રીતે સુંદર હોય અને જે લોકો કુદરતી રીતે સુંદર હોય એને તો કાઈ ધખારા કરવાની જરૂર જ નથી પણ જે નથી અથવા તો ઓછા સુંદર છે એમણે સુંદર દેખાવું છે ને ? તો ? ડોન્ટ વરી એકથી ચડિયાતા અનેક ઉપાયો હાથવગા છે. યોગા, કસરત કે હેલ્થી આહાર જેવા હાથવગા અને કારગર ઉપાયો તો છે જ પણ એનાથી પણ વધુ -ચલિત છે કૃત્રિમ સુંદરતા. આમ તો કૃત્રિમ શબ્દ કરતા એમ કહી શકાય કે સુંદરતાનો કામચલાઉ ચળકાટ. સ્ત્રીઓ માટે મેકઅપ,ઘરેણા કે ગજા -માણેની બ્યુટી ટ્રીટમેન્ટસનો ખજાનો ખુલ્લો જ છે. તો પુરુષો માટે પણ અઢળક બોડી / ફેસ ટ્રીટમેન્ટસની સાથે સાથે પોષક અને પૈસા ના વિકલ્પો ખુલ્લા છે. બે રૂપિયાની વિકો ક્રીમ કે પાંચ રૂપિયાના પોન્ડ્સ પાઉડરના ડબ્બાથી ચહેરાને ચકચકાટ કરતી એક આખી પેઢી અને એક આખો જમાનો બદલાઈ ગયો છે. હવે શાહરૂખ જેવા સુપર સ્ટાર પણ મર્દોવાળી ક્રીમના વખાણ કરીને કે -િયંકા - દીપિકા જેવી નટીઓ સાબુઓ - શેમ્પુઓના ભલામણોથી આપણને સુંદર બનવાની ચળ ઉપાડતા રહે છે.

અંદરની સુંદરતા અને એની અસર ચોક્કસપણે સર્વવ્યાપી અને લાંબી અસર કરનાર હોય છે એમાં કોઈ વાદવિવાદ નથી પણ સાથે સાથે આજના જમાના મુજબ દેખાવી સુંદરતા કે બાહ્ય બ્યુટી હોવું એટલું જ જરૂરી છે. કારણ કે સૌથી -થમ તો એની જ નોંધ લેવાય છે, એના આધારે જ કોઈ એક સંવાદ કે સંબંધની શરૂઆત થતી હોય છે. અને આવી બાહ્ય સુંદરતા મેળવવી કે એને ટકાવી રાખવી એ સુંદર દેખાવા માંગતા દરેકનો હક્ક છે.

**વિસામો :**

મને સુંદર શબ્દ જરા પણ ગમતો નથી.'સુંદર' શબ્દ કવિઓનો અને ચાપલુસી કરતાં લેખકોનો બહું કમજોર શબ્દ છે.

**- ચંદ્રકાન્ત બક્ષી**

**મલેશિયન વિમાન દુર્ઘટના બાદ ઘણા નેતાઓ નાખુશ**

# જી-૨૦ શિખર બેઠક ઉપર હવે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા

નવી દિલ્હી, તા. ૧૯

મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ એમએચ ૧૭ના બનાવ બાદ જી-૨૦ વેપાર શિખર મંત્રણા ઉપર અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ ગયા છે. વિશ્વના અગ્રણી અર્થતંત્રોના વેપાર પ્રધાનોની બેઠક યોજાનાર છે. જી-૨૦ની બેઠકના મુદ્દા પર ચર્ચા કરવા આ બેઠક મળી રહી છે. જી-૨૦ના લીડર ઓસ્ટ્રેલિયાએ આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા તમામને અપીલ કરી છે. જો કે, પૂર્વીય યુક્રેનમાં બનાવ બાદ જી-૨૦ની બેઠક ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. રશિયા અને યુક્રેન ઉપર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયાના વેપારપ્રધાન તેમના રશિયન સમકક્ષને મળી ચુક્યા છે. રશિયાના વેપારપ્રધાને પણ સમગ્ર મામલમાં તપાસની વાત કરી છે. ઓસ્ટ્રેલિયા સહિતના અન્ય કેટલાક દેશો પણ હવે સૂચિત બેઠકને લઈને વાંધો ઉઠાવી રહ્યા છે. કેટલાક રશિયન અને યુક્રેનિયન ઉપર પ્રવાસ પ્રતિબંધો લાગૂ કરી દેવામાં આવ્યા છે. સિનિયર પ્રધાનોએ આ બાબત ઉપર કોઈ પ્રતિક્રિયા આપી નથી કે, રશિનય પ્રમુખ વ્લાદિમીર પુટિનને નવેમ્બર મહિનામાં ક્વિન્સલેન્ડના પાટનગર બ્રિસ્બેનમાં જી-૨૦ની શિખર બેઠકમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવશે કે કેમ. સ્વતંત્ર તપાસમાં જો પુટિન સંપૂર્ણ સહકાર આપશે નહીં તો તેમને આમંત્રણ આપવામાં આવશે નહીં. જી-૨૦ના નાણાપ્રધાન પાંચ વર્ષના ગાળામાં બે ટકાના વધુ વિકાસ ટાર્ગેટ ઉપર સહમત છે. મલેશિયન દુર્ઘટનાને લઈને વિશ્વના દેશો વિભાજિત છે.

## બુલેટ ટ્રેન માટે અલગ ટ્રેક બનાવાશે : રેલવે

નવી દિલ્હી, તા.૧૯

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવીને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ જ માનવાંમાં આવી રહ્યું હતું કે નવી સરકાર રેલવે બજેટમાં બુલેટ ટ્રેનની જાહેરાત કરશે. કારણ કે મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન બુલેટ ટ્રેન અને રેલવેને મજબુત બનાવવાની વાત કરી હતી. હવે આ દિશામાં ઝડપી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આને લઈને ફિઝિબિલિટી અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે ઝડપતી પૂર્ણ કરીને વિસ્તૃત રિપોર્ટ તૈયાર કરી લેવામાં આવનાર છે.

# પીએમ રાષ્ટ્રીય રાહત ફંડમાં ધરખમ ફેરફારની સંભાવના

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાનનના રાષ્ટ્રીય રાહત ફંડમાં મોટા ફેરફારની શક્યતા દેખાઈ રહી છે. પીએમ રાહત ફંડને મેનેજ કરવાની બાબત હવે ગુજરાતની સ્કીમ ઉપર આધારિત રહી શકે છે. લાભ મેળવનારની પસંદગી કરવામાં ગુજરાત મોડેલને લાગૂ કરવાનું સૂચન મોદીએ કર્યું હોવાના અહેવાલ મળી રહ્યા છે. ગરીબ અને બાળકોને વધુ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. પીએમઓ દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, મોદીએ રાહત ફંડની કામગીરીની સમીક્ષા કરી છે તથા ફંડને જે રીતે મેનેજ કરવામાં આવે છે તેમાં વ્યાપક ફેરફારનું સૂચન કર્યું છે. ગુજરાત મોડલનો ઉલ્લેખ કરતા તેમણે આદેશ કર્યો છે કે, લાભ મેળવનાર પસંદગી વધુ સર્વગ્રાહી, વૈજ્ઞાનિક અને માનવતાવાદી આધાર પર થવી જોઈએ. બાળકો અને ગરીબને પ્રાથમિકતા આપવી જોઈએ સરકારી હોસ્પિટલમાંથી કેસોને મહત્વ આપવું જોઈએ. જીવન સામે ખતરો ધરાવતા લોકોના કેસોને પ્રાથમિકતા આપવી જોઈએ અને મેરિટના આધાર પર તથા જરૂરિયાતના આધાર પર નિર્ણય લેવા જોઈએ. વડાપ્રધાનનું કહેવું છે કે, મદદ માટે અપીલના ભરાવાને ઘટાડવાની જરૂર છે. પ્રમાણિક કેસોને ધ્યાન પર લેવા જોઈએ. વડાપ્રધાન તરફથી પત્ર તમામ લાભ મેળવનાર લોકોને મોકલવા જોઈએ. પીએમ નેશનલ રીલીફ ફંડની રચના ૧૯૪૮માં કરવામાં આવી હતી. પાકિસ્તાન તરફથી વિસ્થાપિત લોકોને મદદ કરવાના હેતુસર આ જાહેર યોગદાન સાથે તેની રચના કરાઈ હતી. હાર્ટ સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કેન્સરની સારવાર જેવી તબીબી સારવાર માટે મદદ આપવામાં આવે છે. મોદીએ અન્ય વડાપ્રધાનના ફંડની કામગીરીની પણ સમીક્ષા કરી છે જેમાં પીએમ નેશનલ ડિફેન્સ ફંડ, વિદ્યાર્થી માટે પીએમ ફંડ અને સાંસ્કૃતિક કલા માટે પીએમ ફંડની કામગીરીનો સમાવેશ થાય છે.

## સમાચાર ઝલક

- સુરત બોંબ બ્લાસ્ટના આરોપીઓ નિર્દોષ - માજી મંત્રી મહંમદ સુરતીનો પણ સમાવેશ.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ઉત્તરપ્રદેશના નવનિયુકત રાજયપાલ રામનાઈકએ બંધારણીય પુસ્તક ભેટ આપ્યું.
- હાઈબ્લડ પ્રેશર મહિલાઓ માટે ઘાતક છે.
- વીજળીના ભાવમાં યુનિટ દીઠ ૨૬ પૈસાનો વધારો થવાની શકયતા.
- જર્મની વર્લ્ડ કપના વિજેતા ઓઝિલે વર્લ્ડ કપના બોનસની રકમ ૨.૪૦ કરોડ ડોલર બ્રાઝિલના બાળકોના ઓપરેશન માટે આપી.
- જુનાગઢમાં પ્રાચીન અશોકના શિલાલેખના સ્મારકની દિવાલ ધરાશયી.
- અમદાવાદમાં મોટી હોનારત સર્જાશે તેવી માહિતીથી પોલીસ એલર્ટ બની ગઈ.
- ભારતીય જાદુગરને મર્લીન પુરસ્કાર માટે પસંદ કરાયા.
- પગે ફોલ્લા થવાથી સાયના નેહવાલ કોમનવેલ્થમાં રમી શકશે નહિ.
- જુવેનાઈલ જસ્ટીસ (સગીર બાળકો) એકટમાં ફેરફારની તૈયારીઓ.
- અમરનાથ યાત્રામાં ઘોડાવાળા વિફર્યા. ભંડારા સળગાવાયા. ૧ નું મોત અનેક ફસાયા.
- બુકર પુરસ્કાર સન્માનિત લેખિકા અરૂંધતી રોયનો બફાટ. ગાંધીજી વિષેના વિવાદાસ્પદ નિવેદન.
- મલેશિયન વિમાનમાં એઈડઝ વિષેના વિજ્ઞાનિકોનાં પણ મોત.
- શોપીંગના ઘેલા ભારતીયો દર તહેવારે કરે છે ખરીદી. તહેવારો દરમિયાન રૂ. ૧૧૬૦૦ કરોડના ખર્ચનો અંદાજ.
- ગુજરાતી માધ્યમના પુસ્તકોમાં બે વર્ષમાં ૧૦૦ ટકા ભાવ વધારો. અંગ્રેજીના ભાવ યથાવત.
- મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીને આઈસ્ક્રીમ ન પીરસાતાં બે ઈજનેરોની નોકરી જોખમમાં.
- ઉત્તરપ્રદેશના નાનકડા ગામ મહંમદપુરીની વસ્તી ૬૦૦૦ની છે. જેમાં ૧૦૦થી વધુ જોડકાં છે.
- લોકસભામાં પણ છત પરથી પાણી ટપકે છે.
- ગાયત્રી પરિવાર દ્વારા 'ગુટકા મુકત ભારત' અભિયાન આદરાયું.